| | | | |
|---|---|---|---|
| Publication | નવગુજરાત સમય Ahmedabad Times OF INDIA masalamix | | |
| Date | અમદાવાદ \| સોમવાર, ૩ એપ્રિલ, ૨૦૧૭ | Page Number | Page 3 |

## સારાંશ ફાઉન્ડેશને ઓટિઝમ ડે ઉજવ્યો

# મોલમાં યોજાયો ઓટિસ્ટિક બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ

**નવગુજરાત સમય > ગાંધીનગર**



રવિવારે તા.૨ એપ્રિલના રોજ વિશ્વભરમાં 'ઓટિઝમ અવેરનેસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે ગાંધીનગરનાં સારાંશ ફાઉન્ડેશન દ્વારા પણ તેની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઓટિસ્ટિક બાળકોએ અમદાવાદનાં મોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને લોકોને અચંબિત કર્યાં હતા.

સંસ્થાના ડાયરેક્ટર શ્રીમતી રાની ચૌધરીએ જણાવ્યું કે કાર્યક્રમ હોલમાં ન રાખતા, મોલમાં રાખવાનું કારણ એ જ છે કે આ દિવસ 'અવેરનેસ ડે' તરીકે ઉજવાય છે ત્યારે આ વિશિષ્ટ બાળકોની પ્રતિભા અને તેમની નિર્દોષતા ચાર દિવાલ વચ્ચે બંધ ન રહેતા લોકોની વચ્ચે તેમની લાગણીને વાચા મળે. લોકો પણ તેમને સહજતાથી સ્વીકારતા થાય અને બાળકોના ઉત્સાહમાં વધારો કરીને અમારી આ પહેલને વધાવી લે. આ પ્રસંગે શિક્ષકોએ પણ ગીત અને નુક્કડ નાટક કરીને રવિવારની સાંજ ઓટિસ્ટિક બાળકોને નામ કરી હતી.

